Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

## નોવેલ કોરોના વાઇરસ COVID-19 ની જાગૃતા લાવવા તથા માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે હેલ્પલાઇન બાબત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થી ભાઇ- બહેનોને જણાવવાનું કે નોવેલ કોરોના વાઇરસ COVID-19 કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. કોરોના વાઇરસનાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય અને લોકડાઉનની પરિસ્થિતિમાં સૌ કોઇ ઘરમાં રહે અને તમામ જનજીવનનું આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે તે ખુબ જ જરૂરી છે.

હાલ વિશ્વમાં આ કોરોના મહામારીને કારણે પરિસ્થિતિ ઘણી વિકટ બની છે અને આપણે સૌ પોત-પોતાના ઘરમાં લોકડાઉન છીએ ત્યારે કોરોના વાઇરસનો ડર ઘણી બધી સમસ્યાઓ ઉત્પન્ન કરી રહયો છે. લોકામાં ચિડિયાપણું, એકલતા, બેચેની, નિરાશા, ગુસ્સો, આક્રમકતા, અનિંદ્રા, અતિ ખોરાક વગેરે જેવી અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. આ સમસ્યા નિવારવા માટે માનનીય કુલપતિશ્રીની સુચના અનુસાર તથા યુનિવર્સિટી ખાતે કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના કો-આર્ડિનેટરશ્રી ડૉ. રૂદ્રેશ એમ. વ્યાસનાં માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અને સલાહ કેન્દ્ર દ્વારા માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે.વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન વિવિધ કોલેજોના અધ્યાપકો દ્વારા નિસ્વાર્થ ભાવે નીચે દર્શાવેલા સમય અનુસાર કાઉન્સેલીંગ સેવાઓ પુરી પાડવામાં આવશે. આપ સર્વે પોતાની માનસિક સમસ્યાઓનું નિવારણ કાઉન્સેલીંગ દ્વારા મેળવી શકો છો.

ઊપયુકત માર્ગદર્શન સરળ બને તે માટે અમારા દ્વારા એક ફેસબુક પેજ ઉપર બનાવવામાં આવેલ છે જે **Manovaigyanik Salahkendra Vnsgu Surat** નામથી શોધવાથી સરળતાથી મળી રહેશે. જેના પર નિષ્ણાંતો દ્વારા જીવંત કાર્યક્રમો યાજવામાં આવશે અને જે આ ફેસબુક પેઇજ ઉપર પ્રસારીત કરવામાં આવશે. સાથે સાથે નીચે દર્શાવેલ તમામ હેલ્પલાઇન નંબરો ઉપર દક્ષિણ ગુજરાતની કોઇ પણ વ્યકિતઓ તેઓને સંપર્ક કરી યોગ્ય મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન મેળવી શકશે.

### સ્વસ્થ મન થકી સ્વસ્થ વ્યકિત-સમાજ-રાજય-દેશ અને વિશ્વની રચના એ જ અમારૂ ધ્યેય

### હેલ્પલાઇન નંબર

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. રૂદ્રેશ એમ. વ્યાસ-૯૮૭૯૫૩૪૯૧૯ (સુરત) | ડૉ. ભરત પાઠક-૯૮૨૫૬૪૮૫૨૭ (સુરત) |
| ૨ | ડૉ. જયોતિ જોષી _ ૯૮૨૫૧૬૯૧૬૫ (વલસાડ) | શ્રીમતિ નયના લુસ્ટે-૭૯૯૦૪૭૫૬૩૦ (સુરત) |
| ૩ | ડૉ.પારૂલ દેસાઇ _ ૯૬૮૭૯૯૨૪૪૭ (ધરમપુર) | શ્રી બી.બી. ધીવર- ૯૪૨૬૮૮૯૫૬૭ (ભરૂચ) |
| ૪ | ડૉ.ગંગાબેન પટેલ _ ૯૯૧૩૨૨૮૫૦૮ (ચીખલી) | શ્રી. અશ્વિન શર્મા - ૬૩૫૪૫૭૯૪૦૨ (નવસારી) |
| Facebook ID:- **Manovaigyanik Salahkendra Vnsgu Surat** | | |

નોંધ:-

૧. આ હેલ્પલાઇન માત્ર કોરોના પ્રભાવિત માનસિક સમસ્યાઓ નિવારવા માટે શરૂ કરવામાં આવી છે. તે સિવાયની બાબતો માટે ૧૮૧ અથવા ૧૦૭૭ પર વહીવટી તંત્રનો સંપર્ક કરવો.

૨. કોરોના વાઇરસ સંદર્ભે કોઇ અફવા કે ખોટા સમાચાર ના ફેલાય તેની ખાસ તકેદારી રાખવી.

R. B. P. 20-04-20

ઈ.~~ચા.~~ કુલસચિવ

ક્રમાંક : મનો. કેન્દ્ર/૩૬૭૬/૨૦૨૦
તા.૨૦/૦૪/૨૦૨૦

**પ્રતિશ્રી,**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થી ભાઇ- બહેનો